અંકલેશ્વરના સારંગપુરમાં ગળું કાપી આધેડની હત્યા

પોલીસે ડોગ સ્ક્વોડની મદદ લઈ આરોપીનું પગેરું શોધવા કવાયત હાથ ધરી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામની સીમમાં ગળું કાપી એક વ્યક્તિની નિર્દય હત્યા કરાયાની ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. તીક્ષ્ણ હથિયાર વડે 43 વર્ષીય વ્યક્તિની કરપીણ હત્યા થતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ અંકલેશ્વરના સારંગપુર ગામની સીમ વિસ્તારમાં 43 વર્ષીય મુન્ના લક્ષ્મણ પાલની અજાણ્યા શખ્સો દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે ગળું કાપી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતા જ ડીવાયએસપી, અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ, એલસીબી તેમજ ફોરેન્સિક અને ડોગ સ્ક્વોડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થળનું વૈજ્ઞાનિક રીતે નિરીક્ષણ હાથ ધરાયું હતું. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. હાલ પોલીસે હત્યારા તથા હત્યામાં વપરાયેલા હથિયારની શોધખોળ માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. આ હત્યા પાછળ વ્યક્તિગત અદાવત, જૂની રંજિશ કે અન્ય કોઈ કારણ છે કે કેમ તે દિશામાં પણ પોલીસ તપાસ આગળ ધપાવી રહી છે.

અરેઠીમાં કાગળ પર યોજનાઓની ચમક, જમીન ઉપર અંધારપટ

મત કયા મોઢે માંગશો? રોડ અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાનો અભાવ

સાગબારા: ડેડિયાપાડા તાલુકાના અરેઠી ગામના આંબા ફળિયાના ગ્રામજનો આજેપણ પાયાની સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. આઝાદીના દાયકાઓ વીતી ગયા હોવા છતાં અહીં રોડ, રસ્તા અને પીવાના પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થઈ શકી નથી. અરેઠીથી બંટાવાડી, દેવમોગરા અને કનબુડીને જોડતો મુખ્ય રસ્તો હાલ બેહાલ સ્થિતિમાં છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન રસ્તા પર કીચડ અને પાણી ભરાઈ જતાં આવાગમન મુશ્કેલ બની જાય છે. જેના કારણે રોજિંદા કામકાજ, શાળાએ જતા વિદ્યાર્થીઓ અને આરોગ્ય સેવાઓ માટે જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

પીવાના પાણીની સમસ્યા પણ અહીંના લોકો માટે ગંભીર બની છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ઢોર-ઢાંક અને ઘરગથ્થુ ઉપયોગ માટે પૂરતું પાણી ઉપલબ્ધ નથી. સરકારની 'નલ સે જલ' યોજના અંતર્ગત નળ તો મૂકવામાં આવ્યા છે, પરંતુ નિયમિત પાણી પુરવઠો થતો નથી. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ યોજના માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે. આ સમસ્યાઓ અંગે ગ્રામજનોએ તલાટી-કમ-મંત્રી, સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સુધી અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યાં નથી. અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની ઉદાસીનતાને કારણે સ્થાનિક લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. પરેશાન ગ્રામજનોએ વેદના વ્યક્ત કરી છે કે તાત્કાલિક રસ્તાની સમારકામ અને 'નલ સે જલ' યોજના હેઠળ પાણીના નિયમિત પુરવઠાની માંગ કરી છે. જ્યાં સુધી તેમની સમસ્યાઓનો કાયમી ઉકેલ નહીં આવે, ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખવાનો ચેતવણીના સૂર વ્યક્ત કર્યો છે.

ભરૂચમાં ટ્રેનમાં બિનવારસી મળેલી સૂટકેસમાંથી 8 કિલો ગાંજો ઝડપાયો

પશ્ચિમ રેલવે એસઓજીની ટીમે 4 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચ: પશ્ચિમ રેલવે પોલીસ અને એસઓજીની ટીમે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરીને ટ્રેન મારફતે થતી નશાકારક પદાર્થોની હેરાફેરીના મોટા કારસાને ઝડપી પાડ્યો છે. પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી 8.019 કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે, જેની બજાર કિંમત અંદાજે 4,00,950 રૂપિયા જેટલી થાય છે. આ સફળ કામગીરી વડોદરા પશ્ચિમ રેલવે એસઓજીના પીએસઆઈ એચ. વી. રવિયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર 16 એપ્રિલ 2026 ની રાત્રે 12 વાગ્યાના અરસામાં જ્યારે એસઓજીની ટીમ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 3 પર ચેકિંગમાં હતી, ત્યારે તેઓ પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં તપાસ અર્થે ચઢ્યા હતા. ટ્રેન સુરતથી રવાના થઈ અંકલેશ્વર સ્ટેશન પહોંચે તે પહેલાં જનરલ અને રિઝર્વેશન કોચના કોરિડોર વચ્ચે તપાસ કરતા કોચ નંબર E પાસે એક મરૂન કલરની બિનવારસી સૂટકેસ મળી આવી હતી. પોલીસે તુરંત જ આસપાસના મુસાફરોની પૂછપરછ કરી હતી, પરંતુ કોઈપણ પેસેન્જરે આ સૂટકેસ પર પોતાનો માલિકી હક્ક દાખવ્યો ન હતો. ત્યારબાદ ટ્રેન ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.3 પર ઊભી રહેતા પોલીસે આ શંકાસ્પદ સૂટકેસને નીચે ઉતારી હતી. તેની સઘન તપાસ કરતા અંદરથી બ્રાઉન કલરની સેલોટેપથી પેક કરેલાં પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં વનસ્પતિજન્ય નશાકારક પદાર્થ હોવાનું જણાયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને એફએસએલની ટીમને બોલાવવામાં આવી હતી, જેણે પ્રાથમિક ચકાસણી બાદ આ પદાર્થ ગાંજો હોવાની પુષ્ટિ કરી હતી. પોલીસે કુલ 8.019 કિલો ગાંજો જપ્ત કરી ભરૂચ રેલવે પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં રેલવે પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ અને અન્ય મુસાફરોની વિગતોના આધારે આ નશીલા પદાર્થની હેરાફેરી કરનાર આરોપી સુધી પહોંચવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં છે. રેલવે નેટવર્કનો ઉપયોગ ડ્રગ્સ સપ્લાય માટે કરતાં તત્ત્વો પર આ કાર્યવાહીથી લગામ કસાશે તેવું મનાઈ રહ્યું છે.

પસ્તાવો કે રાજનીતિ? 5 વર્ષથી ગાયબ નેતાઓ હવે સવારમાં દેખાવા લાગ્યા!

બારડોલીમાં ચૂંટણી ટાણે ઉમેદવારોનું કામો પૂર્ણ કરવા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર પર દબાણ

બારડોલી: બારડોલી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ગરમાયો છે, પરંતુ પાંચ વર્ષ સુધી વિકાસનાં કામોમાં ઉદાસીનતા દાખવનારા નગરસેવકો માટે અત્યારે કપરા ચઢાણ જોવા મળી રહ્યા છે. જે નગરસેવકોને પક્ષ દ્વારા ફરીથી ટિકિટ આપી રિપીટ કરવામાં આવ્યા છે, તેમને હવે પોતાના જ વોર્ડમાં પ્રચાર કરવા જવું મુશ્કેલ બની ગયું છે. મતદારો પાંચ વર્ષનાં કામોનો હિસાબ માંગી રહ્યા હોવાથી અનેક સોસાયટીઓમાં આ નેતાઓનો પ્રવેશ પણ દુષ્કર બન્યો છે. સ્થિતિની ગંભીરતા પારખી ગયેલા સત્તાધારી પક્ષના બે નગરસેવક હવે ઉતાવળે વિકાસનાં કામો આટોપી લેવા માટે મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર આ નેતાઓ નગરપાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પર રીતસરનું દબાણ લાવી રહ્યા છે. સવારથી જ ફોન કરી રસ્તા, ગટર અને પેવર બ્લોક જેવા અધૂરાં કામો તાત્કાલિક પૂર્ણ કરવા આજીજી કરવામાં આવી રહી છે. જનતાના રોષથી બચવા અને મતદારોને રીઝવવા માટે છેલ્લી ઘડીએ વિકાસની ગાડી દોડાવવામાં આવી રહી છે.

સ્થાનિકોમાં ભારે ચર્ચા છે કે, જો આ નગરસેવકોએ પાંચ વર્ષ દરમિયાન પ્રાથમિક સુવિધાઓ પર ધ્યાન આપ્યું હોત, તો આજે અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરો પર દબાણ કરવાની નોબત ન આવી હોત. હાલમાં સત્તામાં ન હોવા છતાં, જૂના સંબંધો અને રાજકીય વગનો ઉપયોગ કરી અધિકારીઓને કામ કરવા મજબૂર કરવામાં આવી રહ્યા છે. વધી રહેલા વિરોધ અને મતદારોના ઉગ્ર તેવર જોતાં આગામી ચૂંટણીમાં ભાજપ માટે જીતનો માર્ગ કઠિન જણાઈ રહ્યો છે. છેલ્લી ઘડીના આ શોર્ટકટ વિકાસનાં કામો જનતાનો ગુસ્સો શાંત કરવામાં કેટલા સફળ રહેશે, તે તો આવનારો સમય જ બતાવશે.

પલસાણામાં ચોખાની ગુણીની આડમાં છુપાવેલો 20 લાખનો દારૂ ઝડપાયો

ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ, અન્ય બે શખ્સ વોન્ટેડ

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસની પ્રોહિબિશન ડ્રાઇવ અંતર્ગત પલસાણા પોલીસ સ્ટેશનના સ્ટાફને મોટી સફળતા મળી છે.

પોલીસે બાતમીના આધારે ઘલુડામાં નેશનલ હાઈવે-૫૩ પર વોચ ગોઠવી એક ટાટા ટ્રકમાંથી લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મોકલનાર અને મંગાવનાર અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

તા.૧૬/૦૪/૨૦૨૬ના રોજ પલસાણા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે બારડોલીથી સુરત તરફ જતા હાઇવે પર એક ટ્રકમાં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે.

પોલીસે ઘલુડામાં રનિંગ રેડ કરી ટાટા ટ્રક નં.(NL-01-AJ-7770)ને અટકાવી તલાશી લેતા, તેમાં ચોખાની ૮૪૮ બોરીઓની આડમાં છુપાવેલો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૭.૪૫ લાખની કિંમતની ૨૫૬૮ નંગ વિદેશી દારૂ, ૨૦ લાખની કિંમતની ટ્રક અને ૧૩.૪૨ લાખના ચોખા મળી કુલ રૂ.૪૦,૯૮,૪૨૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ઘટના સ્થળેથી ટ્રક ચાલક ઈશ્વરસિંહ મોહનસિંહ રાવત (રહે.,કામરેજ, મૂળ રાજસ્થાન) અને ક્લીનર તેજવીરસિંહ રોડસિંહ રાવતની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ જથ્થો રાજસ્થાનના ગૌતમ બક્ષાએ ભરાવ્યો હતો અને સુરતના વરાછામાં રહેતા વિજેસ ખટીકે મંગાવ્યો હતો.

પલસાણા પી.આઇ. બી.ડી. ઝીલરીયા અને તેમની ટીમે આ મામલે ગુનો નોંધી વોન્ટેડ આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

કડોદરાની યુવતી રહસ્યમય રીતે ગુમ

પલસાણા: કડોદરાની શાંતિનગર સોસાયટીમાંથી ૧૯ વર્ષીય આફરીનબી જહુર શાહ નામની યુવતી ગુમ થઈ છે. ગત ૧૨ એપ્રિલના રોજ માતાને 'વેફર લેવા જાઉં છું' તેમ કહી નીકળ્યા બાદ તે પરત ફરી નહોતી. પિતા જહુર શાહે કડોદરા પોલીસ મથકે જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ રાકેશભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢના ઓટા રોડ પર મકાઈ ભરેલી ટ્રક ભડકે બળી

બીજી ઘટનામાં અલીફ નગરમાં મકાનમાં આગથી અફરાતફરી

સોનગઢ: ઉનાળાના વધતા જતા તાપમાનની વચ્ચે સોનગઢ પંથકમાં આગના બે અલગ-અલગ બનાવો બનતા ચકચાર મચી ગઈ છે. એક ઘટનામાં મકાઈ ભરેલી ટ્રક સંપૂર્ણ ખાખ થઈ ગઈ છે, જ્યારે બીજી ઘટનામાં રહેણાંક મકાનમાં આગ લાગતા ઘરવખરીને નુકસાન પહોંચ્યું છે.

મલંગદેવ-ઓટા રોડ પરથી મકાઈના દાણા ભરીને પસાર થઈ રહેલી એક ટ્રકમાં સિનોદ ગામ પાસે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. માનવામાં આવી રહ્યું છે કે, ભારે તાપમાનના કારણે ટ્રકમાં ધડાકાભેર આગ લાગી હતી. ઘટનાની જાણ થતા જ સોનગઢ નગરપાલિકાની ફાયર ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીના પ્રેશરથી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, સોનગઢથી ઓટાનું અંતર વધુ હોવાને કારણે ફાયર ટીમ પહોંચે એ પહેલા જ ટ્રક અને તેમાં ભરેલો માલ સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો.

બીજી ઘટના સોનગઢના અલીફ નગર ખાતે બની હતી. શુક્રવારના રોજ બપોરે ૧ વાગ્યાના સુમારે રોશન સલાઉદ્દીનભાઈ શેખના મકાનમાં અચાનક આગ લાગી હતી. રહેણાક વિસ્તારમાં આગના ગોટેગોટા ઊડતા જોઈ આસપાસના યુવાનોએ તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ બનાવની જાણ સ્થાનિક નગરપાલિકા સભ્ય નાસીરભાઈને ખબર થતાં તેમણે તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયરની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લીધી હતી. જેના કારણે મોટી હોનારત ટળી હતી

ભરૂચમાં ABVPનો GCAS પોર્ટલ સામે ઉગ્ર વિરોધ: ધરણાની ચીમકી

પ્રવેશ પ્રક્રિયામાં અનેક ગેરવ્યવસ્થા: આક્ષેપ

ભરૂચ: અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) પોર્ટલમાં વારંવાર સર્જાતી ખામીઓ અને તેની નિષ્ફળ કામગીરી સામે ભરૂચની એમ.કે. કોલેજ બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

GCAS પોર્ટલને લઈને ABVP ગુજરાત પ્રદેશે રાજ્ય સરકાર સામે કડક વલણ અપનાવ્યું છે. પોર્ટલની ખામીઓ અને નિષ્ફળ કામગીરી અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં સુધારા ન થતાં ABVPએ હવે રાજ્યવ્યાપી આંદોલનની ચેતવણી આપી છે. ABVPના જણાવ્યા મુજબ GCAS પોર્ટલ દ્વારા હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં અનેક ગેરવ્યવસ્થાઓ જોવા મળી છે, જેના કારણે રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર પડી છે. ખાસ કરીને, પોર્ટલમાં ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ ન કરાતાં વિદ્યાર્થીઓને વધુ ફી ચૂકવીને ખાનગી સંસ્થાઓમાં પ્રવેશ લેવાની ફરજ પડે છે. સંસ્થાએ આક્ષેપ કર્યો છે કે, પ્રવેશ પ્રક્રિયા દરમિયાન 33 રાઉન્ડ સુધી પ્રક્રિયા ચાલવા છતાં રાજ્ય યુનિવર્સિટીઓ સંલગ્ન કોલેજોમાં લગભગ 50 ટકા બેઠક ખાલી રહી છે. પરીક્ષાઓના એક અઠવાડિયા પહેલા સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલુ રાખવી વિદ્યાર્થીઓ માટે અયોગ્ય અને અસ્વીકાર્ય હોવાનું ABVPએ જણાવ્યું હતું. ABVP ગુજરાત પ્રદેશ મંત્રી દેવાંશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, હાલ સમગ્ર રાજ્યમાં વોલ રાઈટિંગ, ક્લાસ ટુ ક્લાસ કેમ્પેઈન અને પરચા વિતરણ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં દરેક જિલ્લા મુખ્ય મથકે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે ઉગ્ર ધરણા-પ્રદર્શન યોજી આંદોલન વધુ તેજ કરવામાં આવશે.

ABVPએ રાજ્ય સરકાર પાસે GCAS પોર્ટલમાં ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ કરવો, પ્રવેશ પ્રક્રિયાને વિકેન્દ્રિત (ડીસેન્ટ્રલાઈઝ) કરીને યુનિવર્સિટીઓ દ્વારા સંચાલિત કરવી અને રજિસ્ટ્રેશન ફી તરીકે લેવાતા 300 રૂપિયાનો ઘટાડો અથવા તેને સંપૂર્ણપણે રદ કરવો એવી માંગણીઓ મૂકી છે.

આમોદ શમા ચોકડી પાસે કાર, બાઇક અને ટ્રેક્ટર અથડાયાં, મહિલાનું મોત

મોટરબાઇક ઉપર સવાર અન્ય બે ઘવાયાં

આમોદ, ભરૂચ: આમોદની શમા ચોકડી પાસે શુક્રવારે બપોરે ત્રિપલ અકસ્માતમાં બાઇક પર સવાર 50 વર્ષીય મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘવાયા હતા. નોકરી ઉપર હાજર ટી.આર.બી.ના જવાનોએ તાત્કાલિક મદદ કરી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

વાગરાથી રાકેશભાઈ જયંતીભાઈ પટેલ (ઉં.વ.35) પોતાની માસી રમીલાબેન ગણપતભાઈ પરમાર (ઉં.વ.50) અને ભત્રીજી ધ્રુવીબેન હિતેન્દ્રભાઈ પરમાર (ઉં.વ.7) સાથે જંબુસર તરફ જઈ રહ્યા હતા. ત્યારે શમા ચોકડીથી થોડે દૂર પાણીની ટાંકી પાસે જંબુસરથી ભરૂચ તરફ જતી અલ્ટો કારના ચાલક હાર્દિક ભીખ્મદેવસિંહ ચૌહાણ (રહે.,બ્રાહ્મણ ફળિયું, અટાલી, તા.વાગરા)એ પૂરઝડપે કાર હંકારીને બાઇકને ટક્કર મારી દીધી હતી. આ ઘટનામાં બાઇક ફંગોળાઈ જતાં સામેથી આવતાં ટ્રેક્ટર સાથે પણ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં રમીલાબેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રાકેશભાઈ અને નાનકડી દીકરી ધ્રુવીને ગંભીર રીતે ઘવાયા હતા. સદનસીબે ઘટના સમયે ત્યાં ફરજ ઉપર હાજર TRBના જવાનોએ તરત જ દોડી આવીને ઈજાગ્રસ્તોને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર પહોંચાડ્યા હતા. જ્યાંથી હાલત વધુ ગંભીર હોવાના કારણે તેમને ભરૂચ રિફર કરવામાં આવ્યા છે. આમોદ પોલીસે મૃતક મહિલાના પુત્ર હિતેન્દ્રભાઈ ગણપતભાઈ પરમારની ફરિયાદના આધારે કાર ચાલક હાર્દિક ચૌહાણ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
ફી-સર્વ ફોર આયુર્વેદા
રાહતદરે આયુર્વેદિક કેમ્પ
તારીખ 20, 21 અને 22 એપ્રિલ | સમય સવારે 10:00 થી સાંજે 07:00
શું તમે લાંબા સમયથી આ રોગોથી પરેશાન છો?
• કેન્સર • સોરાયસિસ - કોઢ - ખરજવુ • ઘૂંટણ-ખભાંનો દુખાવો
• કિડનીના રોગો • સંધિવાત - આમવાત • વધ્યત્વ (ઇનફર્ટિલિટી) • ખરતા વાળ
રોગને નહી, તેના મૂળ કારણને ઓળખી આયુર્વેદિક પદ્ધતિથી સ્થાયી ઉપચાર મેળવો
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
₹૬૦૦/- ₹100/- રજીસ્ટ્રેશન ફ્રીમાં
દવાઓ અને પંચકર્મ સારવાર પર 15 % ડિસ્કાઉન્ટ
મેડિકલેમ સુવિધા ઉપલબ્ધ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો +91 75748 61856
પ્રતિક હાઉસ, 1/934, અડાગરા સ્ટ્રીટ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા પાછળ, નાનપુરા, સુરત

કારમાં બેસીને શરાબના ઘૂંટડા ભરી વિડીયો બનાવ્યો, પોલીસે નશો ઉતાર્યો

અંકલેશ્વરમાં નર્મદા નદીના કિનારે બેસી ફોટો અપલોડ કર્યો

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નર્મદા નદીના કિનારે કારમાં બેસી શરાબ પીતા વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરનાર યુવકને પોલીસે ઝડપી પાડ્યો છે. રીલ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર આરોપી અનિલ વસાવાએ નદી કિનારે કારમાં શરાબ પીતો પોતાનો વિડિયો બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. વાયરલ થયેલા વિડીયોમાં આરોપી પોલીસને ખુલ્લો પડકાર ફેંકતો પણ જોવા મળ્યો હતો. વિડીયો વાયરલ થતાં જ મામલો અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસના ધ્યાન પર આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી સામે ગુનો નોંધ્યો અને તેને ઝડપી પાડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધિ મેળવવા માટે આરોપીએ આ પ્રકારનું કૃત્ય કર્યું હતુ. જો કે, લોકપ્રિય બનવાની આ કોશિશ તેને ભારે પડી હતી. પોલીસ દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Lee Cronins The Mummy
12:00pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

શ્રી કામરેજ વિભાગ ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી લી.
કામરેજ જીન કંમ્પાઉન્ડ, કામરેજ ચાર રસ્તા, જી. સુરત-૩૯૪૧૮૫
મો. +૯૧ ૯૮૨૫૮ ૧૪૧૬૯
સભાસદ જોગ શેર ટ્રાન્સફર કરાવવા આખરી નોટીશ
સંસ્થાના પ્રતિનિધીશ્રી ધ્વારા આપને તા.૨૪/૧૧/૨૦૨૫ તથા તા.૨૦/૦૧/૨૦૯ના રોજ નોટીશ આપવામાં આવેલ હતી કે સંસ્થામાં આપના સ્નેહીજનના નામ પર ચાલતા શેર જો તેમની હયાતી ન હોય તો તેમના વારસદારો તરફથી એક વારસદાર નકકી કરી તે શેર ૩૦ દિવસમાં ટ્રાન્સફર કરાવી લેવા આપને નોટીશમાં જણાવેલ હતુ છતા પણ ઘણા સભાસદોના વારસદારો ધ્વારા શેર ટ્રાન્સફર અંગે કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી તો તેઓને આ આખરી નોટીશથી જણાવવામાં આવે છે કે દિન ૩૦ માં આ શેર ટ્રાન્સફર કરાવી લેવા જો આપ દિન ૩૦માં શેર ટ્રાન્સફર ન કરાવશો તો ન છુટકે મંડળી જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓનો આદેશ લઈ આપના સ્નેહી જનના નામ પર ચાલતો શેર રદબાતલ કરી તેનુ શેર ભંડોળ શેર અનામત ખાતે લઈ જવામાં આવશે.
ખાસ નોંધ: ૩૦ દિવસ બાદ કોઈપણ સંજોગોમાં શેર ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.
લી.- વ્યવસ્થાપક સમીતીના કરેલ ઠરાવના આદેશથી

ધી નનસાડ ભરથાણા ગૃપ કો.-ઓ. કોટન સેલ સો. લી.
મુ.પો. કામરેજ ચાર રસ્તા, જીન. મો. નં. ૯૮૨૫૮ ૧૪૧૬૯
સભાસદ જોગ શેર ટ્રાન્સફર કરાવવા આખરી નોટીશ
સંસ્થાના પ્રતિનિધીશ્રી ધ્વારા આપને તા.૨૪/૧૧/૨૦૨૫ તથા તા.૨૦/૦૧/૨૦૯ના રોજ નોટીશ આપવામાં આવેલ હતી કે સંસ્થામાં આપના સ્નેહીજનના નામ પર ચાલતા શેર જો તેમની હયાતી ન હોય તો તેમના વારસદારો તરફથી એક વારસદાર નકકી કરી તે શેર ૩૦ દિવસમાં ટ્રાન્સફર કરાવી લેવા આપને નોટીશમાં જણાવેલ હતુ છતા પણ ઘણા સભાસદોના વારસદારો ધ્વારા શેર ટ્રાન્સફર અંગે કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી તો તેઓને આ આખરી નોટીશથી જણાવવામાં આવે છે કે દિન ૩૦ માં આ શેર ટ્રાન્સફર કરાવી લેવા જો આપ દિન ૩૦માં શેર ટ્રાન્સફર ન કરાવશો તો ન છુટકે મંડળી જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓનો આદેશ લઈ આપના સ્નેહી જનના નામ પર ચાલતો શેર રદબાતલ કરી તેનુ શેર ભંડોળ શેર અનામત ખાતે લઈ જવામાં આવશે.
ખાસ નોંધ: ૩૦ દિવસ બાદ કોઈપણ સંજોગોમાં શેર ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.
લી.- વ્યવસ્થાપક સમીતીના કરેલ ઠરાવના આદેશથી